નં./સીઓટી/આઇટી/ફીટ્નેશ/ઓન 1929
વા.વ્ય.કમિશ્નરશ્રી ની કચેરી,
બ્લોક નં.૬ , બીજો માળ,
ગાંધીનગર
તા. 31 MAR 2017

પ્રતિ,
પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
તમામ

વિષય:-ફીટ્નેશ ની મુદત સુધારવા બાબત

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, વાહન વ્યવહાર કમિશ્નર કચેરી,ગાંધીનગર, અને એન.આઇ.સી. ગાંધીનગરનાં નિર્ણય અનુસાર, વાહન સોફ્ટવેરમાં ફીટ્નેશની તારીખ સુધારવા માટે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવનાર છે.

(૧) VAHAN-1 સોફ્ટ્વેર માં NIC દ્વારા VAHAN સોફ્ટ્વેર મા વ્યવસ્થા કરવામાં આવશે કે જેમાં સ્થાનિક અધિકારી એ નિયુક્ત કરેલ અધિકારી/કર્મચારીએ દસ્તાવેજો ની ખરાઇ કરી APPROVAL આપવાની રહેશે. આ બાબતે સ્થાનિક અધિકારીએ તે અંગેની જરૂરી પ્રણાલી ને પરીપત્ર રૂપે જાહેર કરવાની રહેશે.

(૨) VAHAN-2 સોફ્ટ્વેર નુ જે કચેરી માં અમલીકરણ થયેલ છે.તે કચેરીના અધિકારીશ્રીએ આપેલ ફોર્મેટ્માં વિગતો દર્શાવી સહિ સિક્કા કરી, વાહન વ્યવહાર કમિશ્નર કચેરીમાં મોકલવાનું રહેશે. જ્યારે NIC દ્વારા VAHAN-2 SOFTWARE માં ફીટ્નેશ સુધારવાનુ મોડ્યુલ આપવામાં આવશે. ત્યારબાદ જે તે કચેરીએ ફીટ્નેશ સુધારવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૩) VAHAN-4 કચેરીમાં, કચેરીના અધિકારીશ્રીએ નિયુક્ત કરેલ કર્મચારી/અધિકારીશ્રીએ ડેટા મા સુધારો કરવાનો રહેશે.

નોંધ ઉપર મા.કમિશ્નરશ્રીની મંજુરી મળેલ છે.

ખાસ ફરજ પરના અધિકારી
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ગાંધીનગર

Akhil Gujarat Truck Transport Association
Rec. Dt. : 01-04-2017

નક્લ રવાના:-ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ, એન.આઇ.સી. ગાધીનગરને જાણ સારૂ તથા જરૂરી અમલવારી સત્વરે કરવા તેમજ આ અંગે ના જરૂરી MIS તૈયાર કરવા.

પત્રક

| મોટરવાહન નંબર | ફીટનેશ આપેલ તારીખ | વાહનસોફ્ટવેરમાં લખાયેલ તારીખ | ફીટનેશની જે તારીખ સુધારવાની છે તે તારીખ | ફીટનેશ આપેલ મો.વા.નિ..શ્રીનુંનામ |
|---|---|---|---|---|
| | | | | |

નોધઃ- ફીટનેશની ઝેરોક્ષ નકલ અધિકારીશ્રી નાં સહી-સિક્કા સાથે મોકલવી.